# ગાંધીનગર ટાઉનહોલનું નવિનીકરણ આરંભાયું

**ગાંધીનગર ટાઉનહોલના નવિનીકરણ માટે ૧૭.૨૧ કરોડનો ખર્ચ : છેલ્લા પાંચ વર્ષથી ટાઉનહોલના રીનોવેશનો પ્રોજેક્ટ ગોટે ચઢયો હતો : નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના હસ્તે ટાઉનહોલના રીનોવેશનનુ કામ શરૂ કરાયું : નગરના કલાકારો તેમજ કલાસંસ્થાઓમાં હર્ષની લાગણી : ટાઉનહોલને નવા રૂપરંગ આપી અદ્યતન સુવિધાઓથી સજ્જ કરાશે**







## શ્રોતાઓ બંધ એસી પ્લાન્ટ અને સાંકડી બેઠક વ્યવસ્થાના લીધે ગરમીથી અકળાતા હતા : છતમાંથી પોપડા ખરવાની સાથે બેઠકના સ્થાને પણ ઉંદર-બિલાડી આંટા મારતા હતા, આખરે જોખમી ટાઉનહોલ બે વર્ષથી ભાડે આપવાનુ બંધ કરાયું હતું

ગાંધીનગર તા ૬

આશરે ચાર દાયકા અગાઉ નિર્માણ કરાયેલા ટાઉનહોલની હાલત છેલ્લા પાંચ વર્ષથી બદતર બની હતી મરણપથારીએ પડેલા ટાઉનહોલને જોખમી હાલતને ધ્યાનમાં રાખી કોરોના કાળ પુર્વે જ ભાડે આપવાનુ બંધ કરી દેવાયુ હતુ. ટાઉનહોલના સ્ટેજ પરથી લાઈટો પડવાની સાથે છતમાંથી પોપડા ખરતા હતા જયારે બંધ એસી પ્લાન્ટના લીધે ગરમીથી અકળાતા શ્રોતાઓની વચ્ચે ઉંદર બિલાડી પણ આંટા મારતા નજરે પડતા હતા આખરે ટાઉનહોલના રીનોવશનની યોજનાનુ કામ આજથી શરૂ કરી દેવાતા નગરજનોને ટુંકા સમયગાળામાં અદ્યતન ટાઉનહોલની સુવિધા મળશે. ટાઉનહોલને હાઈટેક સુવિધાઓથી સજ્જ કરાશે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે આજે ટાઉનહોલને નવા રૂપરંગ આપવાની યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. ટાઉનહોલની કાયાપલટ કરવા માટે રૂ ૧૭.૨૧ કરોડનો ખર્ચ કરાશે.

નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે આ અંગે જણાંવ્યા મુજબ પાટનગરમાં માળખાકીય સુવિધાઓને અપગ્રેડ કરવામાં આવી રહી છે. દેશનુ સૌથી શ્રેષ્ઠ શહેર બનાવવા તરફ કામો હાથ ધરવામાં આવ્યા છે. આ દિશામાં સરકાર સતત પ્રયત્નશીલ છે. માર્ગ મકાન વિભાગ હસ્તકના સે-૧૭ સ્થિત ટાઉનહોલનુ રીનોવેશન હાથ ધરાશે. આ કામગીરી અન્વયે ૧૭.૨૧ કરોડનો ખર્ચ કરાશે. ટાઉનહોલને આધુનિક સુવિધાઓથી સજ્જ કરાશે. ટાઉનહોલના રીનોવેશનનુ કામ આગામી ૬ મહીનામાં પુર્ણ કરી દેવાશે. ટાઉનહોલના રીનોવેશનની કામગીરીનો શુભારંભ કરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાંવ્યુ હતુ કે શહેરના સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ હાથ ધરતી સંસ્થાઓ દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમને અનુલક્ષી સવગડો વધે તેવા આશયથી ટાઉનહોલનુ રીનોવેશન કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. ટાઉનહોલ સાડા ત્રણ દાયકાથી જુનો હોવાના લીધે ટેકનોલોજીનો અભાવ વર્તાય છે. જેમાં મુખ્યત્વે સાઉન્ડ સિસ્ટમ , એસી પ્લાન્ટ, ઈલેક્ટ્રીફિકેશન , સાઉન્ડ પ્રુફ સ્ટ્રકચર ડીફેક્ટ, બેઠક વ્યવસ્થાના વપરાશમાં ખુબ જ તકલીફ પડતી હોવાના લીધે ટાઉનહોલના નવિનીકરણની જરૂરિયાત ઉભી થઈ છે. જેના લીધે હોલના નવિનીકરણનુ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે ટાઉનહોલમાં ૧૧૦૦ ની બેઠક વ્યવસ્થા છે. જયારે બેઠક વ્યવસ્થાને વધુ આરામદાયક બનાવવાનુ પણ આયોજન કરાયુ છે. પ્રેક્ષકોને અવરજવરમાં મુશ્કેલી પડતી હતી જેને ધ્યાનમાં રાખીને બેઠક વ્યવસ્થાની બે લાઈન વચ્ચે અંતર રાખવા હવે બેઠક વ્યવસ્થા ૧૦૩૦ જેટલી નિયત કરવામાં આવી છે. આ ઉપરાંત જુના ગ્રીન રૂમનુ પણ નવિનીકરણ કરાશે. ટોઈલેટ બ્લોક પણ નવા ઉભા કરાશે. નવા વી આઈ પી સ્યુટરૂમ બનાવાશે. આ ઉપરાંત ટાઉનહોલમાં લીફટની સુવિધા પણ કરવામાં આવશે. ટાઉનહોલમાં પ્રવેશ માટે વી આઈ પી તેમજ જનરલ અલગ એન્ટ્રી રહેશે. પાર્કીંગની અલાયદી

● અનુસંધાન પાન-૭ પર

### નવા ટાઉનહોલમાં બેઠક વ્યવસ્થામાં ૩૦ નો ઘટાડો

જુના ટાઉનહોલમાં બેઠક વ્યવસ્થા ૧૧૦૦ વ્યકિતની હતી જયારે ટાઉનહોલના રીનોવેશનના અંતે હવે બેઠક વ્યવસ્થાને આરામદાયક બનાવાશે. જયારે નવી બેઠક વ્યવસ્થામાં બે સીટ વચ્ચે અંતર રખાશે આ ઉપરાંત સિનીયર સિટીઝન પણ આરામથી બેસી શકે તે મુજબની બેઠક ગોઠવાશે. જો કે જુની બેઠક વ્યવસ્થાની સાપેક્ષમાં ૭૦ વ્યકિતની બેઠક ઘટી જશે. જેથી હોલમાં રીનોવેશનના અંતે માત્ર ૧૦૩૦ પ્રેક્ષકો જ બેસી શકશે

### માત્ર ૬ મહીનામાં ટાઉનહોલ તૈયાર થઈ જશે

ટાઉનહોલના રીનોવેશન માટે છેલ્લા પાંચ વર્ષથી સતત રજુઆતો કરવામાં આવતી હતી પરંતુ ટાઉનહોલની યોજનાનુ કામ મંજુર થયા બાદ પણ હોલના રીનોવેશન માટે વિલંબ થતો હતો જેના લીધે કલાકારો અને કલારસિકોમાં નારાજગી વ્યાપી હતી જો કે લાંબા સમય બાદ આખરે ટાઉનહોલના રીનોવેશનનુ કામ શરૂ કરવામાં આવતા હવે ટુંકા સમયગાળામાં જ ટાઉનહોલ તૈયાર કરી દેવાશે. આગામી ૬ મહીનામાં ટાઉનહોલના રીનોવેશનનુ કામ પુર્ણ કરી દેવાશે.

### શહેરમાં ૩૮ વર્ષ અગાઉ ટાઉનહોલનું નિર્માણ કરાયું હતું

ટાઉનહોલ તા ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૩ ના રોજ કરવામાં આવ્યુ હતુ ટાઉનહોલના નિર્માણને અંદાજિત ૩૮ વર્ષ જેટલો સમય વીતી ગયો છે. સાડા ત્રણ દાયકાથી વધુ સમયના અંતે ટાઉનહોલના નવિનીકરણની યોજના અન્વયે કામ શરૂ કરી દેવાયુ છે. છેલ્લા ચાર વર્ષથી ટાઉનહોલ મરણપથારીએ હતો જયારે હવે વર્ષોના અંતે ટાઉનહોલની કાયાપલટ કરવા માટે કામગીરી શરૂ કરી દેવાતા નગરના કલાકારો તેમજ કલારસિકો સહીત કલા સંસ્થાઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. છેલ્લા ત્રણ વર્ષથી ટાઉનહોલના રીનોવેશનની યોજના ટલ્લે ચઢી હતી. હોલના રીનોવેશન માટે અત્યાર સુધી માત્ર કાગળ પર આયોજન થતુ હતુ જયારે બજેટમાં ટાઉનહોલના રીનોવેશન માટે જોગવાઈ કરવામાં આવ્યા બાદ ટેન્ડર પ્રક્રીયામાં પણ વિલંબ થયો હતો જેના લીધે ટાઉનહોલના રીનોવેશનની યોજના લાંબા સમયથી ગોથે ચઢી હતી આખરે આજે હોલને નવા રૂપરંગ આપવાની આ યોજના અન્વયે કામ શરૂ કરી દેવાતા નગરજનોની ઈન્તેજારીનો અંત આવ્યો છે. શહેરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને સંતોષવા સહીત કલાકારોને સ્ટેજ પુરુ પાડતા ટાઉનહોલના રીનોવેશન માટે અત્યાર સુધી અનેકવિધ કલા સંસ્થાઓએ પણ રજુઆત કરી હતી.

### આ બધી સુવિધાઓથી સજ્જ કરાશે

- નવી આરામદાયક ખુરશી સાથે મોકળાશ ઉભી કરાશે
- ટાઉનહોલની બેઠક વ્યવસ્થા ૧૦૩૦ ની રહેશે
- નવી સાઉન્ડ પ્રુફ અદ્યતન સિસ્ટમ કાર્યરત થશે
- છતના ભાગે ડેકોરેટીવ ફોલ્સ સીંલીંગ કરાશે
- સ્ટેજનુ આધુનિકરણ કરાશે.
- પ્રવેશદ્વારના ફોયરમાં બે મોટા શિલ્પ તેમજ ટીકીટ કાઉન્ટર રહેશે
- વેઈટીંગ લોન્જ પણ અદ્યતન બનશે
- યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરાશે
- નવા અદ્યતન ગ્રીન રૂમ બનશે
- નવા ટોઈલેટ બ્લોક બનશે.
- વી આઈ પી તેમજ જનરલ એન્ટ્રી અલગ બનશે
- ટાઉનહોલમાં લીફટ મુકાશે
- આધુનિક ફાયર એલાર્મ સિસ્ટમ ઉભી કરાશે
- નવો એ સી પ્લાન્ટ કાર્યરત થશે
- નવુ સબ સ્ટેશન - ચિલ્લર રૂમ બનશે
- સ્ટેજની પાછળ એલ ઈ ડી વોલ અને પ્રોજેકટર લાગશે
- રીર્હસલ માટે અલગ સ્ટેજ બનાવાશે
- લાઈટીંગની જળહળા પણ ઉભી કરાશે



હર-હર મહાદેવ.... - પાવન શ્રાવણ માસના અંતિમ દિને એટલે કે સોમવતી અમાસે શીવાલયો શણગારાયા... ભાવિકોએ પૂજન-અર્ચન કર્યા... અનેક સ્થાનો પર રૂદ્રાભિષેક અને લઘુરૂદ્ર થયા... શીવમહિમ્ન સ્ત્રોતોના ગાન થયા... ભોળીયા દેવને મનાવવા ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા... અને શિવજીને અંતરણના ઉંડાણથી અરજ કરી કે, અમારા દેશને, અમારા સમાજને રોગચાળાથી મુક્ત રાખજો... જીવનને ઉત્સવ બનાવવા અનુકૂળતા આપજો... અને સૌનું કલ્યાણ થાય એવા ભાવને પ્રસરાવજે... શહેરના શીવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા હતા...

## મનપાની મેલેરિયા શાખા દ્વારા વ્હીકલ માઉન્ટેડ ફોગીંગ મશીન વસાવાયું



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રહે અને શહેરમાં વધતી જતી મચ્છરોની ડેન્સીટીને ધ્યાને રાખી મનપાના તંત્રએ વ્હીકલ માઉન્ટેડ ફોગીંગ મશીનની ખરીદી કરી છે.

આજે આ વ્હીકલ માઉન્ટેડ ફોગીંગ મશીન ગાંધીનગર મનપાને મળી ગયુ છે અને તેનો ટ્રાયલ પણ લેવામાં આવ્યો હતો. કાલથી આ મશીન જાહેર રસ્તાઓ પર ફોગીંગની કામગીરી હાથ ધરશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર વિસર્જીત મનપાના કાઉન્સીલરો માઉન્ટેડ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com